નવેમ્બર ૨૦૧૧
કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## સેવા







# સેવા

# અક્રમ એક્સપ્રેસ

બાળમિત્રો,

આપણને નાનપણથી જ મા-બાપની, વડીલોની સેવા કરવાના સંસ્કાર આપવામાં આવતા હોય છે. આપણે પણ ઘરમાં મમ્મી-પપ્પાને આપણા દાદા-દાદીની સેવા કરતા જોતા હોઈએ છીએ.

સેવાનું આટલું બધું મહત્ત્વ કેમ અપાયું હશે ? એના શું પરિણામ આવતા હશે ? સેવાની શરૂઆત ક્યાંથી કરવી જોઈએ ? સાચી સેવા કઈ ગણાય ? વગેરેની સુંદર સમજણ પરમ પૂજ્ય દાદાશ્રીએ આ અંકમાં આપી છે.

તો ચાલો, આપણે સેવાનું મહત્ત્વ સમજીએ અને ખુશી ખુશી મા-બાપ, ગુરુ અને વડીલોની સેવા કરીએ.

- ડિમ્પલ મહેતા

## અનુક્રમણિકા


દાદાજી કહે છે..... ૧

મુંગી સેવા ૨

આ તો નવી જ વાત. ૬

સેવાની શરૂઆત ઘરથી જ ૮

ચાલો રમીએ ૧૧

મીઠી યાદેં ૧૨

બાળકો સાથે પૂજ્યશ્રી ૧૩

ઐતિહાસીક ગૌરવકથાઓ ૧૪

ક્રીએટીવ રાઈટીંગ સ્પર્ધા ૧૫

રંગોલી સ્પર્ધાનું પરિણામ ૧૯



**તંત્રી તથા સંપાદક :**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૪, અંક : ૩
સળંગ અંક : ૩૯
***નવેમ્બર ૨૦૧૧***



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
**અમદાવાદ:** (૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯

**રાજકોટ ત્રિમંદિર :** ૯૨૭૪૧૧૧૩૯૩
**વડોદરા :** (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
**મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
**U.S.A.:** ૭૮૫-૨૭૧-૦૮૬૯
**U.K.:** ૦૭૯૫૬૪૭૬૨૫૩
**Website:** kids.dadabhagwan.org



**Printed, Published and Owned by : Dimple Mehta on behalf of Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Published at Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printing Press:-**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાજી કહે છે...



સેવાભાવ નક્કી કરો, મનુષ્ય માત્રની સેવા કરવાનો ભાવ. આપણે જે વિદ્યા જાણતા હોય તે વિદ્યા સેવાભાવમાં વાપરવી, એ જ આપણો હેતુ હોવો જોઈએ. દા.ત. તમને લખતા- વાંચતા આવડતું હોય તો અભણ લોકોને પત્ર લખી-વાંચી આપવો. મનુષ્યોની સેવા કરો, કારણ કે મનુષ્યમાં ભગવાન રહેલાં છે.

આ દુનિયામાં પહેલામાં પહેલી સેવા કરવા જેવું સાધન હોય તો મા-બાપ. એમની સેવા કરીશ?

પ્રશ્નકર્તા : હા, સેવા ચાલુ જ છે. ઘરકામમાં મદદ કરું છું.

દાદાશ્રી : સેવા તો ક્યારે કહેવાય ? એમને દુઃખ થતું હોય, પગ ફાટતા હોય અને આપણે પગ એમને દબાવી આપીએ એવું બધું સેવા કહેવાય.

પ્રશ્નકર્તા : હા, એ હું કરું છું ને !

દાદાશ્રી : મા-બાપની શુદ્ધ સેવા કરે ને, એને અશાંતિ થાય નહીં એવું આ જગત છે. મા-બાપની સેવા કરવી એ ધર્મ છે. અને જેટલો આપણો ધર્મ પાળીએ એટલું સુખ આપણને ઉત્પન્ન થાય. વડીલોની સેવા કરવાથી પણ સુખ ઉત્પન્ન થાય. મા-બાપને સુખી કરે એ માણસો કાયમ કોઈ દહાડો દુઃખી હોતાં જ નથી. કોઈ માણસ કહેશે, 'હું દુઃખી છું.' તો હું કહું કે તારા મા-બાપની સેવા કરેને સારી રીતે, તો સંસારના દુઃખ તને ન પડે.

પહેલી મા-બાપની સેવા, જેણે જન્મ આપ્યો તે. પછી ગુરુની સેવા. આટલું ચોક્કસ કરવું જોઈએ.

પ્રશ્નકર્તા : અત્યારે મા-બાપની સેવા કરતાં નથી ને, તેનું શું ? તો કઈ ગતિ થાય ?

દાદાશ્રી : મા-બાપની સેવા ના કરે એ આ ભવમાં સુખી થાય નહીં. મા-બાપની સેવા કરવાનો પ્રત્યક્ષ દાખલો શું ? ત્યારે કહે છે કે આખી જીંદગી સુધી દુઃખ ના આવે. અડચણો ય ના આવે, મા-બાપની સેવાથી !

વડીલોની સેવા કરવાથી આપણું વિજ્ઞાન ખીલે છે. મેં ય બાની સેવા કરેલી. સેવા કરજો, બરાબર. ફરી ફરી લાભ નહીં મળે



# મુંગી સેવા

કેટલાય વર્ષોથી પ્રભુદાસને જાત્રામાં જવાની તીવ્ર ઈચ્છા હતી. પણ દર વર્ષે કોઈક કારણોસર જાત્રામાં જવાનું થતું નહીં. પરંતુ, આ વર્ષે બધા જ સંજોગો અનુકૂળ હતા. પૈસાની સગવડ પણ થઈ ગઈ હતી. ખૂબ ભાવથી અને દિલથી એમના ગામવાસીઓ સાથે તેઓ જાત્રાએ જવા નીકળ્યા.

આ તો ઘણાં વર્ષો પહેલાની વાત છે. એ જમાનામાં બસો કે ટ્રેનોની વ્યવસ્થા નહોતી. લોકો પગે ચાલીને, ગાડા અથવા હોડીમાં બેસીને જાત્રાએ જતા અને એટલે જ જાત્રાના સ્થળે પહોંચતા પહોંચતા ઘણા દિવસો નીકળી જતા. પ્રભુદાસ અને એમના સાથીઓ રસ્તામાં વચ્ચે નાના ગામોમાં રોકાઈને થોડો વખત વિશ્રામ કરતા અને ધીમે ધીમે આગળ વધતા.

ઘણાં માઈલો ચાલ્યા પછી, બધા યાત્રાળુઓ એક એવા ગામમાં પહોંચ્યા જ્યાં કડકડતો દુકાળ પડ્યો હતો અને અન્નની અછત ઊભી થઈ હતી. પ્રભુદાસને ખરેખરો થાક લાગ્યો હતો. આ ગામને પસાર કરી આગળના મોટા ગામમાં રાત વિતાવવાની હતી. પણ પ્રભુદાસથી ડગલું ય ચલાય એમ ન હતું. તેઓ એક ઝાડ નીચે બેસી ગયા. આ જોઈ એમના સાથીદારે કહ્યું, ''પ્રભુદાસ, અહીંયા રોકાઈ જશો તો સૂર્યાસ્ત પહેલા આગળના મોટા ગામે કેવી રીતે પહોંચાશે?''

''ભાઈ, ખૂબ તરસ લાગી છે. તમે લોકો આગળ નીકળો. હું થોડી વારમાં તમારી સાથે જોડાઈ જઈશ. આ પેલી




ઝૂંપડી દેખાય છે. ત્યાં જરા પાણીની તપાસ કરી લઉં,'' પ્રભુદાસે ઝૂંપડી તરફ આંગળી ચીંધતા કહ્યું.

''જેવી તમારી ઈચ્છા, ભાઈ.'' એમ કહીને બધા આગળ નીકળ્યા. પ્રભુદાસ ઝૂંપડીના ફળિયામાં પેઠા. ''કોઈ છે કે ? થોડું પાણી મળશે ?'' પ્રભુદાસે થોડા મોટા અવાજે પૂછ્યું.

કોઈ જવાબ ન મળતા, પ્રભુદાસ પાછા ફરી રહ્યા હતા ત્યાં તો એમને કોઈકનો પીડાજનક ઊંહકારો સંભળાયો.

અંદર કોઈ લાગે છે, એમ વિચારીને એમણે ઝૂંપડીનું બારણું ખોલ્યું. જોયું તો અંદર એક ઘરડા માજી ખાટલા પર સૂતા હતા અને ખૂણામાં એક વૃદ્ધ માથે હાથ દઈને બેઠા હતા.

''અમારી પાસે કશું જ નથી તમને આપવા માટે.'' એ વૃદ્ધ બોલ્યા.

વડીલોને આવી હાલતમાં જોઈને પ્રભુદાસે તરત જ એમની પોટલીમાં હાથ નાખ્યો. જે થોડું ઘણું ખાવાનું હતું તે કાઢીને એમને આપ્યું. કેટલાય દિવસો પછી એ વડીલોના પેટમાં અન્ન પડ્યું.

''ભાઈ, મોઢું સુકાય છે. બહાર કુવેથી થોડું પાણી લાવી આપશો ?'' માજીએ એકદમ ધીમા અવાજે કહ્યું. પ્રભુદાસ તરત જ દોડીને કુવેથી પાણી લઈ આવ્યા.

ઘરમાં એક દાણો પણ અન્નનો નહોતો. દિવસો સુધી ભૂખ્યા રહેવાને કારણે માજીની હાલત નાજુક જણાતી હતી. માજીની હાલત જોઈને પ્રભુદાસ પોતાની હાલત જાણે ભૂલી ગયા. તેઓ બજારમાં જઈ થોડા ઘઉં, ચોખા અને તેલ લઈ આવ્યા. ઘરમાં કુહાડી દેખાઈ. એનાથી બહારથી લાકડું કાપ્યું અને સગડી સળગાવી. ખૂબ પ્રેમથી વડીલો માટે રસોઈ બનાવી. માજીએ માંડ એક-બે કોળિયા ખાધા અને ખાટલા પર ઢળી પડ્યા. એમના માથે હાથ મૂકતા ખબર પડી કે એમનું શરીર તો




ધકધકતું હતું. તરત જ પ્રભુદાસ માજીના કપાળે ઠંડા પાણીના પોતા મૂકવા લાગ્યા. સળંગ ચાર-પાંચ કલાક પોતા મૂક્યા પછી માજીની તબિયત થોડી સુધરી.

આમ કરતા કરતા તો રાત પડી ગઈ. પ્રભુદાસે રાત ત્યાં જ વિતાવવાનું નક્કી કર્યું. બહાર ફળિયામાં ખાટલો ઢાળી એ સૂવા ગયા ત્યારે એમણે વિચાર્યું, "હું સંઘથી ઘણો પાછળ રહી ગયો છું. કાલે વહેલી સવારે નીકળીને સંઘ સાથે જોડાઈ જઈશ." પણ થોડી વાર રહીને એમનું મન બોલ્યું, "વડીલોને આ હાલતમાં મૂકીને જાત્રા કરવા કેવી રીતે જવાય ? આવી હાલતમાં મૂકીને ભગવાનના દર્શન કરવા જઈશ તો ભગવાન પણ રાજી નહીં થાય." આમ વિચારી પ્રભુદાસે જવાનું માંડી વાળ્યું અને વડિલોની સેવા માટે રોકાઈ ગયા. એમણે દિવસ-રાત જોયા વગર ખૂબ ભાવથી વડીલોની સેવા-ચાકરી કરી. આમ કરતા કરતા ઘણાં દિવસો વીતી ગયા. એક દિવસ જ્યારે એમને સંતોષ થયો કે વડીલો હવે સ્વસ્થ થઈ ગયા છે. ત્યારે ઝૂંપડીમાં પૂરતી ખાવા-પીવાની સામગ્રી મૂકીને કોઈને કશું જ કહ્યા વગર ત્યાંથી નીકળી ગયા.

પણ હવે પ્રભુદાસ પાસે જાત્રાએ જવા માટે પૂરતો સમય કે પૈસા બચ્યા નહોતા. તેથી તેઓ ઘર તરફ પાછા વળ્યા. પ્રભુદાસના કુટુંબીજનો એમને વહેલા પાછા ફરેલા જોઈ નવાઈ પામ્યા. બધાને એ જાણવાની ઉત્સુકતા પણ થઈ કે તેઓ કેમ પાછા આવી ગયા ? રસ્તામાં એવું તે શું બન્યું ? ગામના લોકોને પણ ખૂબ નવાઈ લાગી કે પ્રભુદાસ જેવા સમજુ માણસ જાત્રાએ જવા નીકળ્યા અને દર્શન કર્યા વગર જ પાછા આવી ગયા ! પ્રભુદાસે બધાને ફક્ત એટલું જ જણાવ્યું કે તેઓ સંઘથી છૂટા પડી ગયા તેથી પાછા ફર્યા.

બીજી બાજુ ત્રિલોકચંદ, પ્રભુદાસનો સાથીદાર જાત્રાથી પાછા ફરતી વખતે એ જ ઝૂંપડીમાં વિશ્રામ કરવા રોકાયા જ્યાં પ્રભુદાસે વડીલોની સેવા કરી હતી. "યાત્રાળુઓનું તો અમારી ઝૂંપડીમાં હંમેશા સ્વાગત છે.


થોડા દિવસ પહેલા તમારા જેવો જ એક યાત્રાળુ અથવા એમ કહું તો ચાલે કે એક દેવદૂત આવ્યો અને ખૂબ દિલથી અમારી સેવા કરી અને અમને મોતના મોઢામાંથી બહાર કાઢ્યા.'' વૃદ્ધે ત્રિલોકચંદને આવકારતા કહ્યું. ત્રિલોકચંદ સમજી ગયા કે આ વૃદ્ધો પ્રભુદાસની જ વાત કરી રહ્યા છે. પાણી શોધવા તેઓ આ જ ઝૂંપડીમાં આવ્યા હતા અને પછી ક્યાંય જાત્રામાં દેખાયા જ નહોતા.

ગામ પાછા ફર્યા પછી ત્રિલોકચંદ પ્રભુદાસને મળવા ગયા. ''જાત્રાથી પાછા ફરતી વખતે, હું એ જ ઝૂંપડીએ રોકાયો હતો જ્યાં તમે...'' પ્રભુદાસે ત્રિલોકચંદનું વાક્ય અડધેથી જ કાપી નાખ્યું, ''અરે, એમ કહોને જાત્રા કેવી રહી ? દર્શન થયાને બરાબર? ચાલો, અંદર જઈને ચા-પાણી કરીએ.''

ત્રિલોકચંદે આગળ કશું જ ના પૂછ્યું પણ મનમાં વિચાર્યું, ''ધન્ય છે પ્રભુદાસને કે વડીલોની આટલી સુંદર સેવા કરી અને કોઈને ખબરેય ના પડવા દીધી. ખરી જાત્રા તો એમણે કરી કહેવાય!'' અને એમનું મસ્તક આદરભાવથી ઝૂકી ગયું.

“ ધન્ય છે પ્રભુદાસને કે વડીલોની આટલી સુંદર સેવા કરી અને કોઈને ખબરેય ના પડવા દીધી. ”





કંઈ મૂર્તિઓની સેવા થાય છે ? મૂર્તિઓના કંઈ પગ દુ:ખે છે? સેવા તો વાલી, વડીલો કે ગુરુ હોય તેમની પહેલા કરવાની હોય.
આ તો નવી
મા-બાપની સેવા કરવાથી જિંદગીમાં પૈસાની ખોટ આવે નહીં અને સદ્‌ગુરુની સેવા કરવાથી મોક્ષે જાય.


શુભ હેતુથી સેવા કરવામાં આવે તો પુણ્ય બંધાય છે. દા.ત. ડૉક્ટર હોય તો કેમ કરીને દર્દી સાજા થઈ જાય, આનંદમાં રહે એવો હેતુ નક્કી કર્યો હોય અને સેવા ભાવથી જ એ કામ કરે તો પુણ્ય બંધાય.
જ વાત!
બાકી સેવા તો એનું નામ કે તું કામ કરતો હોય તે મને ખબરેય ના પડે. એને સેવા કહેવાય. મૂંગી સેવા હોય. ખબર પડે, એને સેવા ના કહેવાય.

# સેવાની શરૂઆત ઘરથી જ





મા-બાપની સેવા એ સૌથી મોટો ધર્મ છે. સેવાની શરૂઆત ઘરથી જ થવી જોઈએ. પહેલા મા-બાપ પછી બીજા.
પણ આજની મીટિંગ બહુ જ અગત્યની છે. એ રદ કરાય એમ નથી.
આમ કહીને, દિયા ભાગી...
નિત્યાના ઘરે,
એક ખુશખબર છે ! વિશ્રાંતિ સંસ્થાને આપણું કામ ખૂબ ગમ્યું છે. સંસ્થાના ચેરમેને પ્રિન્સિપલ સરને આપણા કામ વિશે વાત કરી છે અને આજે તેઓ સ્કૂલમાં આપણને સેવા-એવોર્ડ પણ આપવાના છે.
દિયા, નિત્યા અને અંજલીએ આપણી શાળાનું નામ રોશન કર્યું છે. ગરીબો અને અનાથોની સેવા કરી, એમણે એમના ખૂબ આશીર્વાદ મેળવ્યા છે. સર્વ શિક્ષક-મંડળ, વાલીઓ અને વિદ્યાર્થીઓ તરફથી હું આ સેવાભાવી વિદ્યાર્થીનીઓને ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું અને આ સેવા-એવોર્ડથી સન્માનિત કરું છું.
અભિનંદન
અભિનંદન
અને એક ખૂશખબર છે. કાલે, એક ન્યુઝપેપર રિપોર્ટર આપણી શાળામાં આ વિદ્યાર્થીનીઓના ફોટા લેવા આવશે અને એમના સર્વિસક્લબ વિશે છાપામાં એક લેખ પણ છાપશે.
બીજા દિવસે સ્કૂલે જવા માટે દિયા ખૂબ ઉત્સાહિત હતી. વ્યવસ્થિત તૈયાર થઈને એ નીકળવા જતી હતી, ત્યાં તો ફોનની ઘંટડી વાગી.
દિયા, આજે મારાથી સ્કૂલે નહીં અવાય. મમ્મીને બહુ જ તાવ છે અને ઘરે બીજું કોઈ નથી.


પણ આજે તો ન્યુઝપેપર રિપોર્ટર આવવાના છે. આપણો ફોટો છાપામાં છપાવાનો છે. આવી તક તું કેવી રીતે ગુમાવી શકે ?
મમ્મીની સેવા કરવાની તક પણ હું કેવી રીતે ગુમાવી શકું ? ક્લબ વિશે તો તમે લોકો બધું જણાવી જ દેશોને. અને મારો ફોટો નહીં છપાય એનો મને જરાય વાંધો નથી. પણ મારા માટે મમ્મીની સેવા એ છાપાના ફોટા કરતા અનેક ગણી વધારે મહત્વની છે.
સ્કૂલમાં ન્યુઝપેપર રિપોર્ટર સામે ફોટો પડાવતા,
તમારી ત્રીજી મિત્ર ક્યાં છે?
એ ઘરે છે. એના મમ્મીને તાવ આવતો હોવાથી એ આવી શકી નથી.
ઓહ, એટલે એ અત્યારે એના મમ્મીની સેવામાં છે. એ ફોટો તો ખાસ લેવા જેવો છે. લોકોને સંદેશો મળેને કે સેવાની શરૂઆત ઘરથી જ થાય છે. ચાલ, ત્યાં જઈએ.
અંજલી, ખરેખર તમારા જેવી દીકરીઓ ઘર અને સમાજ બન્નેને મદદરૂપ થઈ, સમાજ સામે એક આદર્શ ઉદાહરણ છો.
આ સાંભળી દિયાને પોતાની ભૂલ ઉપર બહુ જ પસ્તાવો થયો.
મેં તો ફક્ત 'વાહ-વાહ' સાંભળવા માટે સેવા કરી પણ ખરી સેવા તો અંજલીએ કરી કહેવાય ! દાદા સાચું જ કહેતા હતા કે 'સેવાની શરૂઆત ઘરથી જ થવી જોઈએ.'

# ચાલો રમીએ...


## 1

ગાયથી ભરેલા આ ખેતરમાં
એક ઘેટું છૂપાયેલું છે.
એને શોધી કાઢો.



## 2

દેડકાઓનો એક મિત્ર નીચે રહી
ગયો છે એને
રસ્તો શોધવામાં મદદ કરો.



# મીઠી યાદ



નીરુમા દાદા દર્શન રહેતા હતા ત્યારની વાત છે. એમની સેવામાં જે બહેન હતા એ સેવાની સાથે સાથે નોકરી પણ કરતા હતા. રોજ સાંજે ઓફિસેથી એ આવે ત્યારે એમને બહુ ભૂખ લાગી હોય. પણ નીરુમાને જમાડ્યા પછી જ તેઓ જમતા. હવે નીરુમાને તો જમવાની વાર હોય, એટલે એમને થાય કે થોડુંક ખાઈ લઈએ તો નીરુમા જમી રહે ત્યાં સુધી ટકી રહેવાય. તેથી તેઓ રોજ ઓફિસેથી આવીને રસોડામાં ઊભા ઊભા જ થોડું ખાઈ લેતા. આ એમનું રૂટિન બની ગયું.

એવી જ રીતે એક દિવસ તેઓ ઓફિસેથી આવીને ખાવા માટે સીધા રસોડામાં ગયા. બનવાજોગ એ વખતે નીરુમા પણ રસોડામાં આવ્યા. જોયું તો પેલા બહેન ઊભા ઊભા ખાતા હતા. નીરુમાએ પૂછ્યું, ''તું કેમ ઊભા ઊભા ખાય છે ?'' એ બહેને જવાબ આપ્યો, ''કંઈ નહીં નીરુમા, થોડી ભૂખ લાગી હતી એટલે થોડું ખાઈ લઉં છું.''

નીરુમાએ તરત જ એ બહેનનો હાથ પકડી કહ્યું, ''ચલ, તું મારી બાજુમાં, મારી સાથે જમવા બેસી જા.''

પેલા બહેન ખચકાટ સાથે બોલ્યા, ''ના, નીરુમા. મને ગળે જ નહીં ઉતરે. હું પછી જમીશ. પહેલા તમે જમી લો.'' એ બહેન નીરુમા સાથે જમવા બેસવામાં અચકાતા હતા.

નીરુમાએ બે થાળી લઈને પીરસવાનું શરૂ કરી દીધું અને એ બહેનને સાથે જમવા બેસાડ્યા.

આવી રીતે નીરુમા બધાને બહુ લાડ કરતા. પોતે જમી લીધા પછી નીરુમા રસોડામાં કાયમ આંટો મારતા. પાછળવાળા જમવા બેઠાં હોય અને તેઓ જુએ કે એમના માટે કાંઈ બચ્યું નથી અથવા તો ઓછું છે તો તરત જ કહે કે, ચાલો, આજે હું તમને સરસ ભાત વઘારીને ખવડાવું.

વળી, ક્યારેક રસોઈ બનતી વખતે પણ નીરુમા રસોડામાં આવતા. ત્યારે રસોઈ બનાવનાર કેવી રીતે બનાવે છે એ જુએ પણ ખરાં અને એને પ્રેમથી શીખવાડે પણ ખરાં કે આ આવી રીતે બને, આનો વઘાર આવી રીતે થાય. સામેવાળાને પણ એ બહુ પ્રેમવાળું લાગે.

અહીંયા જોવાનું એ છે કે જ્ઞાનીઓની કેવી અભેદ અને લઘુતમ દૃષ્ટિ હોય છે કે સામી વ્યક્તિ જેવડાં જ એ થઈ જાય, જાણે એમના ફ્રેન્ડ જ ના હોય!

# બાળકો સાથે પૂજ્યશ્રી



પ્રશ્નકર્તા : મને મારા ભાઈ પર ગુસ્સો આવે તો શું કરવું ?

દીપકભાઈ : તે તને ભાઈ ઉપર ગુસ્સો આવે તે ગમે છે ?

પ્રશ્નકર્તા : ના.

દીપકભાઈ : તો પછી શું કામ ભાઈ ઉપર ગુસ્સો કરે છે ? તારો ભાઈ નાનો છે કે મોટો છે ?

પ્રશ્નકર્તા : નાનો.

દીપકભાઈ : ઓહ ! તો તું મોટો થઈને નાના ભઈને પજવું છું ! આવું તે કરાતું હશે ? તારી પાસે વધારે સમજણ છે કે તારા ભાઈ પાસે વધારે સમજણ છે ?

પ્રશ્નકર્તા : મારી પાસે.

દીપકભાઈ : લે, તો જેની પાસે વધારે સમજણ હોય એને એડજસ્ટમેન્ટ લેવાનું હોય કે નાનાને દુઃખી કરવાના હોય ? કંઈ નહીં, હવે તારાથી થઈ જાયને, તો નક્કી કર મારે કોઈને દુઃખ આપવું નથી. દુઃખ અપાઈ જાય તો માફી માંગજે કે 'હે દાદા ભગવાન ! મેં ભાઈને આવો પજવ્યો, દુઃખ આપ્યું, ગુસ્સો કર્યો, એની ખૂબ માફી માગું છું. મને માફ કરો. આવી ભૂલ ફરી નહીં કરવાની શક્તિ આપો. એનું નામ જ પ્રતિક્રમણ. જેમ આપણે કંઈ લખીએ અને ભૂલથી લખાઈ ગયું તો પેન્સિલથી ભૂંસી નાખીએ છીએને ? એ ભૂંસી નાખવું એનું નામ પ્રતિક્રમણ. ઊંધું લખવું એનું નામ અતિક્રમણ. અને સારી રીતે લખવું એનું નામ ક્રમણ. ઊંધું લખીએ એટલે ભૂંસવું તો પડેને પાછું ? એટલે હવે ભૂંસી નાખજે.


---------------------

પ્રશ્નકર્તા : મોક્ષમાં જવું હોય તો શું કરવું ?

દીપકભાઈ : મોક્ષમાં જવું હોય તો નક્કી કરવાનું કે મારે આ સંસારમાંથી છૂટી મોક્ષમાં જવું છે. મારે આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવું છે. અને આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે આત્માના જ્ઞાની પાસે જવું જોઈએ. ગણિત શીખવું હોય તો જેમ ગણિતના ટીચર પાસે જવું પડે. એવી રીતે મોક્ષમાં જવું હોય તો મોક્ષના જ્ઞાની પાસે જવું પડે. તું મોટો થઈને જ્ઞાન લેવા આવજે.

પ્રશ્નકર્તા : હા.

# ઐતિહાસીક ગૌરવગાથાઓ



આગળના અંકમાં આપણે જોયું કે પાલિતાણા ક્ષેત્રના એક મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાઈ રહ્યો હતો. ગામેગામથી લોકોએ હાજરી આપી હતી. આ શુભ પ્રસંગે બધા પોતપોતાના દાનની રકમ લખાવવા લાગ્યા. તે જમાનામાં એવો રિવાજ હતો કે મંદિરમાં પ્રતિષ્ઠાના દિવસે જે સૌથી વધુ દાન આપે એ વ્યક્તિના નામની તખ્તી મંદિરના દરવાજે લાગે. ગરીબ મજૂર લાખાએ ખૂબ સંકોચ સાથે છતાં ભાવથી એણે કમયેલી ૪ કોડી દાનમાં લખાવી. હવે આગળ વાંચીએ...

સાંજ વીતી રહી હતી. તખ્તી પરનું નામ જાણવાની સહુને ઉત્કંઠા થઈ રહી હતી. બધા દાનીઓ પોતપોતાના દાનના વખાણ કરીને વટ મારી રહ્યા હતા. ત્યાં તો મંદિરના પૂજારીજી મંદિરની બહાર આવ્યા અને ટોળાને શાંત કરતાં કહ્યું, ''ભક્તજનો... તમે સહુએ આ ભવ્ય મહોત્સવમાં સક્રિય ભાગ લીધો તે બદલ હાર્દિક ધન્યવાદ. હવે મંદિરની તખ્તી પરનું નામ જાહેર કરવાની ઘડી આવી ગઈ છે



## "ખૂબ જ વિચાર્યા પછી અમને એવું લાગ્યું કે તખ્તી પર નામ લાગશે લાખા મજૂરનું..."



અને..." એમ કહી એમણે બીજા પૂજારીજીઓ સાથે ખૂબ જ ધીમા અવાજે થોડીક વાતચીત કરી અને પોતાના વાક્યને આગળ વધારતા કહ્યું, "ખૂબ જ વિચાર્યા પછી અમને એવું લાગ્યું કે તખ્તી પર નામ લાગશે લાખા મજૂરનું..."

આ સાંભળી લાખાના મોઢા પર તો જાણે રેખાઓ જ બદલાઈ ગઈ ! એને સમજાતું ન હતું કે આ પૂજારીજી શું કહી રહ્યા છે ? ભક્તોએ તાળીઓથી લાખાને વધાવી લીધો. આ બાજુ ધનાશેઠ અને નગરશેઠની હાલત કાપો તો લોહી પણ ના નીકળે એવી થઈ ગઈ ! સમજાતું ન હતું કે પૂજારીજી મજાક કરતા હતા કે શું ? એમનું ચસકી ગયું નથી ને ? નગરશેઠે પૂજારીજીને વચ્ચે જ ટોકતા કહ્યું, "માનનીય પૂજારીજી, અમને સહુને તમારા પર ખૂબ જ આદર ભાવ છે. પરંતુ આ એક પાવન અને પવિત્ર અવસર છે. મજાક કરવાની ઘડી નથી. માટે કૃપા કરી તમે તખ્તી પર સાચે કોનું નામ આવશે એની જાહેરાત કરશો તો ઉત્તમ થશે." બીજા દાનીઓએ પણ શેઠની હા માં હા પૂરાવી.

પૂજારીજીએ ઊંડો શ્વાસ લઈને કહ્યું, "ભક્તજનો, હું સંપૂર્ણ સાચું કહી રહ્યો છું કે તખ્તી પર લાખા મજુરનું નામ જ આવશે."

"પણ... અમારી ૫,૦૦૦-૧૦,૦૦૦ સોનામહોરો અથવા ૧૦૮ ઘીના ડબ્બા સામે એની ચાર કોડીની શી વિસાત ?" નગર શેઠજીએ અકળાતા કહ્યું.

પૂજારીજીએ સ્મિત વેરતા સમજાવ્યું, "મને કહો નગર શેઠજી, તમારી બધી મિલકતને જો મહોરોમાં ગણવામાં આવે તો કેટલી થાય ?" નગરશેઠ ગર્વથી બોલી ઉઠ્યા, "અંદાજે દસ લાખ સોનામહોરો..."

પૂજારીજીએ પ્રશ્નને આગળ વધારતા પૂછ્યું, "અને તમે દાન કેટલું આપ્યું છે ?"

નગરશેઠ બોલી ઉઠ્યા, "૧૨,૫૦૦ મહોરો." પૂજારીજીએ આગળ પૂછ્યું, "તો


શ્રીમંત, તમે જ જણાવો કે તમે જે દાન આપ્યું છે એ તમારી મિલકતના કેટલા ટકા થાય છે ?'' નગર શેઠ તો ખૂબ જ ગણતરીવાળા હોય એટલે એમણે તરત જ ગણીને કહ્યું, ''આશરે એક ટકો'', ''અને તમારે ધના શેઠ ?'' પૂજારીજીએ ધનાશેઠને પૂછ્યું. ધન્નાશેઠ તો જાણે જવાબ માટે તૈયાર જ હતો. એણે તરત જ કહ્યું, ''આદરણીય પૂજારીજી, એમ તો મારી હેસિયત કંઈ નથી, છતાં ભગવાનના કામ માટે મારી બાવીસ લાખ સોનામહોરની મિલકતમાંથી મેં ૪૦,૦૦૦ મહોર એટલે કે આશરે બે ટકા જેટલું દાન આપ્યું છે !'' કહેતા કહેતા એના હરખનો કોઈ પાર નહોતો ! પછી પૂજારીજીએ બીજા લોકોને પણ આ પ્રશ્ન પૂછ્યો અને બધાએ ૧-૨ ટકા જેટલી મિલકત દાનમાં આપી એવું જણાવ્યું.

હવે પૂજારીજી લાખા પાસે આવી અને એમને પૂછ્યું,''લાખા, તારી મિલકત કેટલી ?'' લાખાએ સંકોચથી જવાબ આપ્યો, ''સાહેબ, હું તો ગરીબ મજૂર છું. હું દિવસભર મજૂરી કરું છું અને જે ૪-૫ કોડી કમાવું તેનું જમવાનું બનાવીને હું અને મારી પત્ની ખાઈ લઈએ. પછી મિલકત માટે રહે જ શું?''

**"એ જો ચારેય કોડીઓ દાનમાં આપી દે તો એ કેટલા ટકાનું દાન કહેવાય ?"**

પૂજારીએ નગરશેઠ અને ધન્નાશેઠને સંબોધીને પૂછ્યું, ''શેઠ, હું જરા ગણિતમાં કાચો રહ્યોને માટે જરા મને કહોને કે જો લાખો ૪ કોડી કમાય તો લાખાની આજની મિલકત ૪ કોડી કહેવાય. એ જો ચારેય કોડીઓ દાનમાં આપી દે તો એ કેટલા ટકાનું દાન કહેવાય?''

ધન્નાશેઠ તરત જ ગણવા લાગ્યા. પરંતુ જેટલી ઝડપથી એમણે શરૂઆત કરી એટલી ઝડપથી જ તે થોભી ગયા. ''પૂજારીજી... આ તો પૂરેપૂરી મિલકત થઈ ! એટલે કે સોએ સો ટકા ! લાખાનું દાન તો એની મિલકતના સો ટકા થયું !'' પૂજારીજીએ લાખાના કાંધા પર હાથ મૂકતા કહ્યું, ''તમે જ કહો ભક્તો કે કોનું દાન શ્રેષ્ઠ ગણાય ? લાખાનું, ધન્ના શેઠનું કે પછી નગરશેઠનું ? બધા ભક્તો એક નાદમાં બોલી ઉઠ્યા, 'લાખાનું. લાખો તો ખરો દાનવીર છે.''



પૂજારીજીએ બધા દાનીઓ કે જેમણે પોતાનું નામ તખ્તી પર જોવાની ઈચ્છાના કારણે દાન આપ્યું હતું, એમને સંબોધીને માત્ર એટલું જ કહ્યું કે, ''હવે સમજાયું કે ખરું દાન તો નિરપેક્ષ હોય, કોઈ પણ પ્રકારની અપેક્ષા વગર.'' પૂજારીજીની આ વાત બધા ભક્તજનોને અને દાનીઓને સમજાઈ ગઈ અને પોતાની ભૂલ પણ સમજાઈ ગઈ.

જોયું મિત્રો... કોઈ પણ માણસને તેના આચારથી કે દેખાવથી નહીં પણ તેના વિચાર અથવા તો ભાવથી ઓળખવા જોઈએ.

# ક્રિએટીવ રાઈટીંગ સ્પર્ધા

**મિત્રો, વેકેશન ચાલુ થઈ ગયું છેને ? આવો, અક્રમ એક્સપ્રેસની ક્રિએટીવ રાઈટીંગ સ્પર્ધામાં જોડાઓ.**

## સ્પર્ધાના નિયમો :

૧) લખાણ પોતાનું લખેલું હોવું જોઈએ.
૨) લખાણ ૧૦ લાઈનથી વધારે ન હોવું જોઈએ.

**સૂચના**

૧) ૩ એજ ગ્રુપ પાડવામાં આવ્યા છે.
૨) દરેક એજ ગ્રુપ માટે એક એક ચિત્ર આપેલું છે. એ ચિત્રમાં તમને શું દેખાય છે, એનું તમારે ૧૦ લાઈનમાં વર્ણન કરવાનું રહેશે.

૧) ૭ થી ૯ વર્ષ



૨) ૧૦ થી ૧૨ વર્ષ



દરેક ગ્રુપમાંથી પ્રથમ બે વિજેતાઓ પસંદ કરવામાં આવશે. ઈનામ વિજેતાના ઘરે પહોંચતું કરવામાં આવશે. લખાણ અમને ડિસેમ્બર મહિનાની ૧૫ તારીખ સુધીમાં મળી જવું જોઈએ. ઈનામ મળેલું લખાણ જાન્યુઆરી મહિનાના અક્રમ એક્સપ્રેસમાં પ્રકાશિત કરવામાં આવશે. તમારું લખાણ તમારા પૂરા નામ, સરનામા, ઉંમર અને ફોટા સાથે નીચેના સરનામે અથવા ઈ-મેઈલ એડ્રેસ પર મોકલી આપશો.

અક્રમ એક્સપ્રેસ – ક્રિએટીવ રાઈટીંગ સ્પર્ધા
બાળવિજ્ઞાન વિભાગ, ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઈવે, મુ.પો.- અડાલજ, જી.-ગાંધીનગર- 382421,
e -mail:akramexpress@dadabhagwan.org



૩) ૧૩ થી ૧૫ વર્ષ

Akram Express

November 2011
Year : 4, Issue : 3
Conti. Issue No.: 39

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/09-11
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

# રંગોળી સ્પર્ધાનું પરિણામ

## દિવાળી પ્રસંગે સીમંધર સીટી અને એ.ટી.પી.એલ.માં યોજાયેલી રંગોળી સ્પર્ધાના વિજેતાઓ



પ્રથમ વિજેતા : રુહી શાહ




દ્વિતીય વિજેતા : ચાંદ અંતાલા



તૃતીય વિજેતા : ચંદ્રિકા પટેલ

<u>અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના</u>

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##.**

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.